છત્તીસગઢમાં વિક્રમી ૭૫ ટકા મતદાન

રાયપુર,તા. ૧૯

છત્તીસગઢમાં બીજા તબક્કાની વિધાનસભા ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણરીતે ૭૫ ટકા મતદાન થયુ હતુ. રાજ્યના ઈતિહાસમાં સૌથી વધુ મતદાન નોંધાયુ છે. મતદાન દરમિયાન સાજા વિધાનસભા સીટમાં સીઆરપીએફ જવાનના ગોળીબારમાં એકનું મોત થયુ હતુ બાકી તમામ જગ્યાએ શાંતિપૂર્ણ મતદાન થયુ હતુ. મુખ્યમંત્રી રમણસિંહે પોતાના વતનગામ કવરધામાં મતદાન કર્યુ હતુ. બીજા તબક્કામાં તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો મેદાનમાં હતા. અગાઉ છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે આજે સવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન થયું હતું. ૭૨ બેઠકો માટે આજે સવારે મતદાન શરૂ થયા બાદ ઘણી જગ્યાએ લાંબી લાઈનો જોવા મળી હતી. જ્યારે કેટલીક જગ્યાએ શરૂઆતમાં ઓછી લાઈનો રહી હતી. ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત પ્રચાર દરમિયાન લગાવી દીધી હતી. ઉત્તર છત્તીસગઢમાં ૭૨ બેઠકો માટે મતદાન થયુ હતુ. ચૂંટણી વેળા કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેની ખાતરી કરવા ચૂંટણી પંચે તમામ પગલા લીધા હતા. આજે બીજા તબક્કામાં ૭૫ મહિલાઓ સહિત કુલ ૮૪૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. બીજા તબક્કામાં કુલ એક કરોડ ૩૯ લાખ ૭૫ હજાર મતદારો પૈકી ૭૫ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. બીજા તબક્કામાં ૧૮૦૧૫ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા. જે પૈકી ૪૫૯૪ સંવેદનશીલ મથકો હતા જ્યારે ૧૩૯૮ અતિ સંવેદનશીલ મતદાન મથકો હતા. ૨૦૯૫૭ બેલેટ યુનિટ રાખવામાં આવ્યા હતા. મતદારોની વાત કરવામાં આવે તો પુરુષ મતદારોની સંખ્યા ૭૧૩૯૬૩૧ હતી જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૬૮૩૦૧૭૯ હતી. જે માથાઓના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે ગૃહપ્રધાન નાનકીરામ કંવર, સ્કૂલ શિક્ષણપ્રધાન બ્રિજમોહન અગ્રવાલ, આવાસ અને પર્યાવરણ પ્રધાન રાજેશ મુનાત, જળસંશાધન પ્રધાન રામવિચાર નેતમનો સમાવેશ થાય છે. અજિત જોગીના પત્ની રેણુકા પણ મેદાનમાં હતા. આજે સવારે મતદાન આઠ વાગ્યે શરૂ થયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી ચાલ્યુ હતુ. બીજા તબક્કામાં જે ક્ષેત્રોમાં મતદાન થયુ હતુ તેમાં નવ અનુસુચિત જાતિની અને ૧૭ ટીટ અનુસુચિત જનજાતિની છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૯૦ સભ્યોની રાજ્ય વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૧૮ બેઠકો માટે ૧૧મી નવેમ્બરના દિવસે મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં કુલ ૧૪૩ ઉમેદવારોના ભાવિ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં સીલ થઈ ગયા હતા. પ્રથમ તબક્કામાં કુલ ૧૦ મહિલા ઉમેદવારો પણ મેદાનમાં હતી. આ વખતે ભાજપ અને કોંગ્રેસે ચૂંટણી પ્રચાર વેળા તેમની તમામ તાકાત લગાવી દીધી હતી.

સબરીમાલા માટે ૯૦ વિશેષ ટ્રેનો ચલાવાશે

ચેન્નઈ,તા. ૧૯

સાઉથર્ન રેલવેએ ૨૫મી નવેમ્બરથી વધુ કેટલીક સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવાની યોજના ધરાવે છે. સબરીમાલા ધાર્મિક સ્થળની સિઝન દરમિયાન શ્રદ્ધાળુઓના ધસારાને પહોંચીવળવા માટે સબરીમાલા માટે ૯૦ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની સાઉથર્ન રેલવે દ્વારા આજે જાહેરાત કરવામાં આવી હતી. એડવાન્સ રિઝર્વેશનની આવતીકાલે ૨૦મી નવેમ્બરથી શરૂઆત થશે. આમાં ઘણી સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન પણ રહેશે. તમામ ટ્રેનોના કાર્યક્રમની વિધિવત જાહેરાત કરી દેવામાં આવી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ટ્રેન નંબર ૦૬૦૦૧ ચેન્નઈ સેન્ટ્રલ - કોલ્લામ સુપરફાસ્ટ સાપ્તાહિક વાયા કોઈમ્બતુર મારફતે ચેન્નઈથી રવાના થશે અને તે કોલ્લામ પહોંચશે. સોમવારે રવાના થયેલી આ ટ્રેન મંગળવારે ૫.૪૫ વાગ્યે સવારે કોલ્લામ પહોંચશે. આવી જ રીતે અન્ય ટ્રેનો પણ રહેશે. સબરીમાલા માટે દરવર્ષે શ્રદ્ધાળુઓનો જોરદાર ધસારો જોવા મળે છે. આ ધસારાને પહોંચીવળવા માટે દર વર્ષે મોટી સંખ્યામાં ટ્રેનો દોડાવવામાં આવે છે.

તેલંગાણા રિપોર્ટને ૨૧મીએ અંતિમ ઓપ અપાશે

નવી દિલ્હી,તા. ૧૯

ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ)એ ૨૧મી નવેમ્બરના દિવસે તેલંગાણા અહેવાલને સંપૂર્ણપણે આખરી ઓપ આપી દેવાની તૈયારી કરી લીધી છે. આંધ્રપ્રદેશના વિભાજનના મામલે ભારે હોબાળો મચેલો છે ત્યારે જીઓએમ દ્વારા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન કિરણકુમાર રેડ્ડી અને રાજ્યના કેબીનેટ પ્રધાનો સાથે અંતિમ બેઠક યોજી હતી. આ ઉપરાંત અન્ય સંબંધિતો સાથે પણ વાતચીતની પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવી છે. હવે ૨૧મી નવેમ્બરના દિવસે ફરી બેઠક મળશે જેમાં દરખાસ્તો ઉપર ચર્ચા થશે અને

અહેવાલને આખરી ઓપ આપી દેવામાં આવશે. આની સાથે જ આ મહિનામાં મોડેથી કેબીનેટ સમક્ષ રજૂ કરવામાં આવનાર આંધ્રપ્રદેશ રિઓર્ગેનાઈઝેશન બિલના મુસદ્દાને રજૂ કરવા માટેનો માર્ગ મોકળો થઈ જશે. ચર્ચાની કવાયત પૂરી થઈ ચૂકી છે. હવે અહેવાલને આખરી ઓપ આપવામાં આવશે. ત્યારબાદ આ અહેવાલ કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવશે ત્યારપછી શિયાળુ સત્રમાં સંસદ સમક્ષ રિઓર્ગેનાઈઝેશન બિલ રજૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી સાથે વાતચીત કર્યા બાદ તરત જ પત્રકારો સાથે વાતચીત કરતા કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આ મુજબની રજૂઆત કરી હતી. જુદા જુદા સંબંધિતો સાથે વાતચીતની પ્રક્રિયા જીઓએમ દ્વારા પૂરી કરી લેવામાં આવી છે.

રેડ્ડી હજુ પણ આંધ્રપ્રદેશના વિભાજનનો જોરદાર વિરોધ કરી રહ્યા છે. જીઓએમને મળનાર કેન્દ્રીય પ્રધાનોએ જુદા જુદા મત આપ્યા હતા. સીમાંદ્રના એક કેન્દ્રીય પ્રધાને હૈદરાબાદને કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવાની માંગ કરી હતી. તેલંગાણા કેમ્પે આનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે હૈદરાબાદ વગર નવા રાજ્યની રચના અધૂરી રહેશે.

ડોલરની સામે રૂપિયો ૬૨.૩૬ની સપાટીએ

મુંબઈ, તા.૧૯

ડોલર સામે રૂપિયો આજે ૬૨.૩૬/૩૭ની સપાટીએ રહ્યો હતો. સોમવારના દિવસે રૂપિયો ૬૨.૪૨ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા ચાર સેશન્સમાં તેમાં ૨.૨ ટકાનો સુધારો થઈ ચુક્યો છે. છઠ્ઠી નવેમ્બર બાદથી તેમાં સૌથી ઉંચો સુધાર થઈ ચુક્યો છે. આરબીઆઈ દ્વારા લેવામાં આવેલા પગલા અને અન્ય તમામ હકારાત્મક પગલાઓની અસર રૂપિયા પર થઈ છે. આજે સતત ચોથા સેશન્સમાં રૂપિયો તેજીમાં રહ્યો હતો જેથી રૂપિયો બે સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. શેરમાં વિદેશી મૂડીપ્રવાહ વધી રહ્યો છે. વિદેશી મૂડીપ્રવાહ લોકલ શેરમાં આશરે ૯૦૦ મિલિયન ડોલર સુધી પહોંચ્યો છે. ઓક્ટોબર મહિનામાં ૨.૬ અબજ ડોલરનો પ્રવાહ આવ્યો હતો. ડિલરોનું કહેવું છે કે તાજેતરમાં જ ડોલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડો થયો હતો. રૂપિયાને સ્થિર કરવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવાની જાહેરાત કરવામાં આવી હતી.

ઓગસ્ટા વેસ્ટલેન્ડ સાથે કરાર રદ કરી દેવાનો આખરે નિર્ણય કરાયો

નવી દિલ્હી, તા.૧૯

ભારે વિવાદ અને ચર્ચા જગાવ્યા બાદ ભારતે આખરે એન્ગ્લો-ઈટાલિયન કંપની ઓગસ્ટા વેસ્ટલેન્ડ સાથેની મહાકાય હેલિકોપ્ટર સૌદાબાજીને રદ કરવાનો આજે નિર્ણય કર્યો હતો. ધારણા પ્રમાણે જ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓનું કહેવું છે કે બુધવારના દિવસે એટલે કે આવતીકાલે કંપનીના કારોબારી અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવનાર છે જેમાં તમામ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવશે અને વિધિવતરીતે આ નિર્ણયના દસ્તાવેજોની આપ-લે કરવામાં આવશે. આ નિર્ણય બાદ યુનાઈટેડ ટેકનોલોજી કોર્પના સિકોરસ્કાય એરક્રાફ્ટ, ઈએડીએ યુરોકોપ્ટર અને લોકહિડ માર્ટિન સહિત હરિફ કંપનીઓ સાથે કોન્ટ્રાક્ટ પુનઃ શરૂ કરવાની દિશામાં સરકાર આગળ વધે તેવી શક્યતા છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ સાથે હેલિકોપ્ટર સૌદાબાજીમાં કટકીને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. ૩૦મી ઓક્ટોબરના દિવસે સંરક્ષણમંત્રી એકે એન્ટોનીએ ભારપૂર્વક કહ્યુ હતુકે ઓગસ્ટાવેસ્ટલેન્ડે ભારતીય હવાઈદળને ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરો આપવા માટે કરવામાં આવેલા કોન્ટ્રાક્ટમાં નિયમોનો ભંગ કર્યો હતો અને સરકાર કાયદા મુજબ આગળ વધી રહી છે. ૨૧મી ઓક્ટોબરના દિવસે સંરક્ષણ મંત્રાલય દ્વારા ઓગસ્ટા વેસ્ટલેન્ડને કારણદર્શક નોટિસ ફટકારી ૧૨ હેલિકોપ્ટર ખરીદવાની સૌદાબાજી રદ કરવાના સંબંધમાં ખુલાસાની માંગ કરી હતી.

જવાબ આપવા માટે આ કંપનીને ૨૧ દિવસની મહેતલ આપવામાં આવી હતી. કંપનીને પ્રિ કોન્ટ્રાક્ટ સમજૂતિની દ્રષ્ટિએ શરતોનો ભંગ કરવા બદલ તેની સામે શા માટે પગલા લેવા જોઈએ નહીં તે અંગે ખુલાસો કરવા કહેવામાં આવ્યુ હતુ. ફેબ્રુઆરી મહિનામાં સરકારે ૩૬૦ કરોડ રૂપિયાની કટકીના આક્ષેપો સપાટી પર આવ્યા બાદ ૭૭૧.૩૨ મિલિયન ડોલરના કોન્ટ્રાક્ટ મામલે ચૂકવણીને રોકી દીધી હતી. જો કે ઓગસ્ટા વેસ્ટલેન્ડે એગાળા દરમિયાન આક્ષેપોને રદિયો આપ્યો હતો. ઈટાલિયન કંપની સામે કટકીનો આક્ષેપ ત્યાના સ્થાનિક મિડિયામાં કરવામાં આવ્યા બાદ આ સમગ્ર મામલો સપાટી પર આવ્યો હતો. ભારતીય સેનાના અનેક અધિકારીઓની આ સંબંધમાં પુછપરછ કરાઈ હતી. સમગ્ર મામલામાં હજુ પણ ઉંડી તપાસ ચાલી રહી છે.

જ્વેલર્સ દ્વારા સોનાના સિક્કાનું વેચાણ ફરીવાર શરૂ કરી દેવાયું

કોલકાતા,તા. ૧૯

દેશના જ્વેલર્સ સોનાના સિક્કાના નિર્માણ અને તેના વેચાણને રોકવા નાણાંમંત્રી પી ચિદમ્બરમ્ દ્વારા કરવામાં આવેલી વિનંતીને સાંભળવા માટે તૈયાર નથી. જ્વેલર્સે જુલાઈ બાદ ચાર મહિના સુધી સોનાના સિક્કાનું વેચાણ બંધ રાખ્યું હતું પરંતુ હવે આ લોકોએ ઓછા વજનના સોનાના સિક્કાના વેચાણની શરૂઆત કરવાનો નિર્ણય કરી લીધો છે. સરકારે સોનાની આયાતની ૨૦/૮૦ પોલીસીમાં કોઈ ફેરફાર કર્યો નથી જેથી જ્વેલર્સ માટે બેંકો અને નોમીનેટેડ સંસ્થાઓ મારફતે સોનું એકત્રિત કરવાની બાબત મુશ્કેલરૂપ બની ગઈ છે. આનાથી દેશમાં સોનાની દાણચોરી વધી ગઈ છે. ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનના ચેરમેન હરેશ સોનીએ કહ્યું છે કે અમારે ત્યાં શુભ અવસર ઉપર સોનાના સિક્કા આપવાની પરંપરા રહી છે. આ ઉપરાંત કરેન્ટ એકાઉન્ટ ડેફીસીટને દૂર કરવા માટે કવાયતમાં સરકારની મદદ કરવા માટે પણ તૈયારી બતાવી છે.

આના માટે પોતાના મેમ્બર્સ પાસેથી સોનાના સિક્કાના મેન્યુફેક્ચરીંગ અને વેચાણને રોકવાની વિનંતી કરી હતી. અમે જ્વેલર્સને અપીલ કરી હતી. જો કે જ્વેલર્સની અપીલ ઉપર તેમને ધનતેરસ અને દિવાળીના દિવસે સોનાના સિક્કા વેચવાની સલાહ આપી હતી. જ્વેલર્સે ફરીથી સોનાના સિક્કાનું વેચાણ શરૂ કરી દીધું છે પરંતુ હાલમાં તેઓ ઓછા વજનવાળા અથવા તો બે, ત્રણ અને પાંચ ગ્રામના સિક્કાનું વેચાણ કરી રહ્યા છે. સોનીનું કહેવું છે કે તેઓ ઓછા વજનવાળા સિક્કા વેચી રહ્યા છે.

ચીટ ફંડ રેગ્યુલેટ કરવા માટે સુપ્રીમ સમક્ષ રજુઆત કરાઈ

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં ચીટફંડની કામગીરીને રેગ્યુલેટ કરવા યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી જાહેર હીતની અરજી પર તેમનો જવાબ આપવા કેન્દ્ર, આરબીઆઈ અને સેબીને સુપ્રીમ કોર્ટે આજે નોટિસ ફટકારી હતી. ચીટફંડને રેગ્યુલેટર કરવા જાહેર હીતની અરજી કરવામાં આવી હતી. અરજીદારે તાજેતરમાં જ દેશભરમાં સપાટી પર આવેલા જુદા જુદા ચીટફંડ કૌભાંડનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં પશ્ચિમ બંગાળમાં ચર્ચા જગાવનાર કરોડો રૂપિયાના શારદા ચીટફંડનો સમાવેશ થાય છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમના નેતૃત્વમાં બેંચે એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ચાર સપ્તાહની અંદર જવાબ આપવા સરકાર અને આ સંસ્થાઓને આદેશ કર્યો હતો. એનજીઓ તરફથી ઉપસ્થિત રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે કહ્યુ હતુ કે ચીટફંડને રેગ્યુલેટ કરવામાં સરકાર તરફથી ઉદાસીનતા દર્શાવવામાં આવી છે જેના પરિણામ સ્વરૂપે દેશભરમાં શ્રણીબદ્ધ કૌભાંડો સપાટી પર આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ચીટફંડની કંપનીઓ કાયદાઓનો ભંગ કરીને ખુલ્લીરીતે લોકો પાસેથી નાણાં એકત્રિત કરી રહી છે. આ પ્રવાહને રોકવામાં આવે તે જરૂરી છે. અરજીદારે જુદા જુદા ચીટફંડ કૌભાંડોનો ઉલ્લેખ કરીને જાગૃતિ જગાવવાના પ્રયાસ કર્યા હતા.

યુપીએ શાસનમાં ૪૯ લાખ કરોડના કૌભાંડ

જબલપુર, તા.૧૯

રાહુલ ગાંધી દ્વારા ચોરોની પાર્ટી તરીકે ભાજપને ગણાવવા બદલ નારાજગી વ્યક્ત કરતા ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે કહ્યુ હતુકે આ ખુબજ આશ્ચર્યજનક બાબત છેકે કોંગ્રેસના નેતાઓ આ પ્રકારની વાત કરી રહ્યા છે કારણ કે કોંગ્રેસ પોતે જ શ્રેણીબદ્ધ કૌભાંડોમાં સીધી રીતે સામેલ છે. તેના નેતાઓને સીધી રીતે સજા થઈ રહી છે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએના શાસનમાં ૯.૫ વર્ષના ગાળામાં ૪૯ લાખ કરોડના કૌભાંડો થઈ ચુક્યો છે. કોંગ્રેસ આ મુદ્દે તેની જવાબદારીથી ભાગી રહી છે અને ભાજપને ચોર ગણાવે છે જે ખૂબજ કમનસીબ બાબત છે. મધ્યપ્રદેશમાં ૨૫મી નવેમ્બરના દિવસે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે તે પહેલા આક્રમક સંબોધનમાં રાજનાથસિંહે જોરદાર પ્રહારો કર્યા હતા. ગયા સપ્તાહમાં છત્તીસગઢમાં એક ચૂંટણી રેલી દરમિયાન રાહુલ ગાંધીએ ભાજપને ચોરોની પાર્ટી ગણાવી હતી અને રાજ્યના કુદરતી સંશાધનો પર લૂંટ ચલાવવાનો આક્ષેપ કર્યો હતો.

નોકરીમાં લઘુમતિ વિરુદ્ધ જારી પક્ષપાતને રોકવા બિલ લવાશે

નવી દિલ્હી,તા. ૧૯

ખાનગી સેક્ટરમાં નોકરીમાં લઘુમતિઓ સામે અત્યાચારને રોકવાની દિશામાં સરકાર હવે મોટુ પગલુ લેવા જઈ રહી છે. સરકાર સંસદના શિયાળુ સત્રમાં લઘુમતિ લોકોના કલ્યાણ માટે ઈક્વલ ઓપોર્ચ્યુનિટી કમિશનની રચના કરવા એક બિલ રજુ કરવાની ઈચ્છા ધરાવે છે. આ નવા બિલમાં ખાનગી સેક્ટરને આવરી લેવાની જોગવાઈ રહેલી છે. આનો મતલબ એ થયો કે સામાજિક અને આર્થિકરીતે નબળા પછાત જાતિના લોકોને જો તેમની સામે કોઈ પક્ષપાત થાય છે તો તેઓ આ કમિશનમાં ફરિયાદ કરવા આગળ વધી શકશે. જો કોઈ વ્યક્તિને લાગે છે કે તેને નોકરીથી વંચિત રાખવામાં આવી છે અને અન્યાય કરવામાં આવે છે તો તે વ્યક્તિ આ કમિશનમાં ફરિયાદ કરી શકશે. ખાનગી સેક્ટરની કંપનીઓ અને કોલેજોમાં અન્યાય જેવી બાબતોને આની અંદર આવરી લેવામાં આવશે. કાયદામંત્રાલય દ્વારા લઘુમતિ બાબતોના મંત્રાલય દ્વારા છેલ્લા સપ્તાહમાં તૈયાર કરવામાં આવેલી વિવાદાસ્પદ દરખાસ્તને લીલીઝંડી આપી દેવામાં આવી હતી આની સાથે જ કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને તેના વધુ એક વચનને પૂર્ણ કરવાની દિશામાં આગળ વધવામાં મદદ મળશે. વર્ષ ૨૦૦૯માં તેના ચૂંટણી ઢંઢેરામાં યુપીએ દ્વારા આ પ્રકારનું વચન અપાયુ હતુ. પાંચમી ડિસેમ્બરથી સંસદનું શિયાળુસત્ર શરૂ થઈ રહ્યુ છે. આ હિલચાલ ભારે ગરમી જગાવે તેવી શક્યતા છે. સરકારની કાયદાકીય ટીમે ઈઓસીની રચના કરવાની દરખાસ્તને લઈને અગાઉ બે મોટા વાંધા ઉઠાવ્યા હતા. બિલમાં કેટલીક કડક જોગવાઈ રહેલી છે. દરખાસ્તો પર અંતિમ વિચારણા થઈ રહી છે.

ભારત રત્ન : વડાપ્રધાન અને તેન્ડુલકર વિરુદ્ધ કેસ દાખલ

મુજફ્ફરપુર, તા.૧૯

વડાપ્રધાન મનમોહનસિંહ અને કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેસામે દેશના લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આક્ષેપ કરી ભારત રત્નના મામલે કેસ દાખલ કરવામાં આવ્યો છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરની ભારત રત્ન માટે પસંદગી કરવાના નિર્ણયને પણ પડકાર ફેંકવામાં આવ્યો છે. મુજફ્ફરપુરની સ્થાનિક કોર્ટમાં આ કેસ દાખલ કરાયો છે.

ઈન્ડિયન પિનલ કોડની કલમ ૪૨૦, ૪૧૯, ૪૧૭, ૫૦૪,૧૨૦-બી હેઠળ દાખલ કરવામાં આવેલા કેસમાં આઈકોનિક ક્રિકેટર સચિન તેન્ડુલકરને પણ આરોપી બનાવવામાં આવ્યો છે. સ્થાનિક વકીલ સુધીરકુમાર ઓઝા દ્વારા ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસપી સિંહની કોર્ટમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને જણાવવામાં આવ્યુ છે કે દેશના સર્વોચ્ચ સન્માન માટે સચિન તેન્ડુલકરની પસંદગી યોગ્ય નથી. દેશના લોકોની ભાવનાઓને આના કારણે ઠેસ પહોંચી છે. મહાન હોકી ખેલાડી ધ્યાનચંદની પસંદગી કેમ કરવામાં આવી નથી. અરજીદારે સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન માટે તેન્ડુલકરની ઈચ્છાને પૂર્ણ કરવા ધ્યાનચંદના નામની બાદબાકી કરી લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો વડાપ્રધાન મનમોહનસિંહ, કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે, કેન્દ્રિય રમતગમત પ્રધાન ભવર જિતેન્દ્રસિંહ અને કેન્દ્રિય રમતગમત મંત્રાલયના સેક્રેટરી સામે આક્ષેપો કરાયા છે.

hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

મયુરના પપ્પાએ એનાં ખેતરનાં માલિક પાસેથી ભેંસની એક પાડી નાનપણથી લઈને એને ઉછેરી, હવે એ ભેંસ બની ગઈ છે અને એ ભેંસની કિંમત ૩૨ હજાર જેટલી થાયછે. ભેંસ પપ્પાએ ઉછેરી હોવાથી માલિક અડધી કિંમતે એમને આપવા રાજી છે તોય ૧૬ હજાર ક્યાંથી કાઢવાનાં? કોલેજનાં એક મિત્રના પપ્પા રીક્ષા ચલાવે છે. એમને વિનંતી કરી કે પૈસા ઉધાર આપો. રાતે-રાતે રીક્ષા ચલાવી તમારાં પૈસા ચુકવી દઈશ. પૈસા ઉધાર મળી ગયા, માલિકનાં પપ્પા દૂધ દોહીને રેરીએ ભરે છે, અને એની આવકમાંથી દર મહિને મયુરને ૫૦૦ મોકલે છે...

મયુર રાઘવને કહે છે, ''પપ્પાની ઉંમર થઈ છે, મજુરી થતી નથી. ઘરેથી પૈસા મગાવતાં શરમ આવે છે, પણ હું એમ હિંમત નહીં હારૂં. મારો સી.એ. બનવાનો મનસુબો મજબૂત છે. રૂપિયા માટે રોજ રોજ હૈયું બળે છે, પપ્પાએ એમની જાત ફૂંકી નાંખી છે મારા માટે, જિંદગી કેવી હોય એનો વિચાર કરવાનો સમય નથી, જિંદગી ઝળહળતી હશે એવું આંખ મીંચીએ ત્યારે દેખાય છે. ''મયુર દોસ્ત તું જરૂરથી સી.એ. બનીશ જ, મારૂં આ વિઝીટીંગ કાર્ડ રાખ, અમારી સી.એ.ની મોટી ઓફિસ છે, પ્રથમ જોબ મારાં ત્યાંથી જ કરજે.'' રાઘવ જોષી સંઘર્ષ કરતાં મયુરની હૃદયદ્રાવક કથનીના અશ્રુ છૂપાવતો ત્યાંથી નીકળી ગયો...

ચૂંટલો :

થોડી ઘણી તકલીફોમાં કેનાલ ગંદી કરતાં કે પંખે લટકી મરતાં યુવાનો વચ્ચે તકલીફોનાં ડુંગરને સર કરવાં નીકળેલા મજબૂત યુવાનો મંઝિલ તરફ મક્કમતાથી ડગ ભરે છે ત્યારે ગૌરવ અનુભવાય છે.

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

હંમેશા આપણે જીવનને રંગરોગાન કરતા રહેવું જોઈએ. આ કોઈ દિવાળી નિમિત્તે ઘરને રંગરોગાન કરવાની વાત નથી. જીવનમાં અને આપણા કામકાજમાં હંમેશા કંઈકને કંઈક નવું કરતા રહેવું જોઈએ. કંઈક નવું કરવું એટલે આપણા વ્યક્તિત્વને પણ હંમેશા નવો ઓપ આપવો, એમાં પણ ગ્રુમિંગ સમાયેલું છે. નવી તરાહ, નવી બાબતો, નવાં લક્ષ્યો, નવી જવાબદારીઓ, નવી ફરજો, નવું કલેવર, નવી વ્યવસ્થા. આમ હંમેશા કંઈક નવું ચાલતું રહે એથી જીવન પણ હરહંમેશા નવીન અને વધુ સુંદર રહે.

જીવનનો દૃષ્ટિકોણ હંમેશા સકારાત્મકતા ઉપર નિર્ભર રહે છે. હંમેશા આપણે આપણા કાર્યને પ્રથમ અગ્રતા આપીએ. આપણા કામ પ્રત્યે હંમેશા જાગૃત અને વફાદાર રહીએ. કામની સુવાસ હંમેશા આપણા માટે વ્યક્તિત્વની ઓળખ બની રહેતી હોય છે. કામ હંમેશા પરિણામલક્ષી અને અસરકારક રહે એ પણ જરૂરી છે. જીવનને સુંદર બનાવવા માટે તમારે ઘણા બધા સમાધાન પણ કરવા પડે. જૂની વાતો ભુલીને નવી બાબતો તરફ આગળ વધતા રહેવું એ પણ જીવનની સુંદરતામાં વધારો કરનારું પરિબળ છે. જીવનમાં હંમેશા આગળ વધતા રહો. ભૂતકાળ અથવા ગઈ કાલ સાથે વળગી રહેવાથી કશો ફાયદો નથી, કોઈ ફળ મળવાનું નથી. વર્તમાનને સમજીને આવતીકાલ - ભવિષ્ય માટે આપણે જીવનને આયોજનબદ્ધ બનાવીએ. આમ કરવાથી જીવન વધુ સુંદર બની રહે છે. ખરેખર જીવનની પ્રત્યેક પણ સુંદર હોય તો જીવન પણ આપોઆપ સુંદર બની રહે છે.

● ● ●

સ્ટોપર :

"જીવન એવું હોય કે કોઈ હસે તો આપણા કારણે હસે, આપણા ઉપર નહીં"

- ડેલ કાર્નેગી

સમાચાર ઝલક

- ♥ **અમેરીકાના ઘમરોળતો ભયાનક ચક્રવાત, ૬ વ્યક્તિઓનાં મોત, સેંકડો જખ્મી.**
- ♥ **વેરાવળમાં મધમાખીનું ઝૂંડ ૫૦ને કરડ્યું, ૨૦ને સારવાર માટે દવાખાનામાં દાખલ કરાયા.**
- ♥ **રાજકોટમાં જાહેર શૌચાલયમાં પણ તસ્કરોએ હાથફેરો કર્યો.**
- ♥ **કેવું કૌતુક, સુપ્રીમના જજ દુષ્કર્મના કેસમાં કોર્ટનાં કઠેડામાં ઉભા રહેશે**
- ♥ **ઇન્ટરનેટ પરથી ચાઇલ્ડ પોનોગ્રાફી બ્લોક કરવા સુપ્રીમ કોર્ટની મજુરી.**
- ♥ **ક્રિકેટર શ્રીસંત ૧૨મી ડિસેમ્બરે લગ્નગ્રંથીએ જોડાશે.**
- ♥ **થોડા દિવસોમાં જ 'ગલીયો કી રાસલીલા રામ-લીલા' ફિલ્મ ૧૦૦ કરોડની કલબમાં સામેલ થશે.**
- ♥ **બેંકોએ કોર્પોરેટ જગતની ૧ લાખ કરોડની લોન માંડવાળ કરી.**
- ♥ **ઇન્સ્પેક્ટર રાજ ફરી આવી રહ્યું છે? આવકવેરા સહિત ૬ ખાતાઓને વધુ સત્તા આપવાની સરકારની કવાયત.**
- ♥ **જયાં ભાગ્યે જ વરસાદ પડે છે એવું સાઉદી અરેબિયાનું રિયાદ જળબંબાકાર.**
- ♥ **પારસી યુવાનો કારકિર્દીની હોડમાં મોડા લગ્ન કરે છે તે બાબત ચિંતાજનક : પારસી સમાજ**
- ♥ **શિરડીના સાંઇબાબાની આરતી માટે ૫૦૦ રૂપિયામાં સ્પેશિયલ પાસ.**
- ♥ **રાષ્ટ્રીય એકતાના કર્મચારીઓએ શપથ લીધા.**
- ♥ **ચૂંટણી 'બિજનેશ' - રાજકીય પક્ષોનો રાફડો, ૧૩૯૨ પક્ષો હતા વધીને ૧૫૩૪ થયા.**
- ♥ **૬૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરવા શિક્ષણ વિભાગની તૈયારીઓ.**
- ♥ **સાસરીયાની સંપત્તિ પર મહિલાઓનો હક્ક નથી : દિલ્હી હાઇકોર્ટ.**
- ♥ **જાજરમાન અભિનેત્રી વહિદા રહેમાનને પ્રથમ શતાબ્દિ એવોર્ડ પુનામાં એનાયત થયો.**
- ♥ **આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ પર કાળી શાહી ફેંકાઇ.**
- ♥ **એક મહિનો લગ્ન સીઝન માટે ગોર મહારાજ અને કેટરર્સની દોડાદોડ.**
- ♥ **વેજીટેરીયન ડાયેટ મૃત્યુનો ખતરો ઘટાડી શકે : રીપોર્ટ.**
- ♥ **મુંબઇ શહેરમાં એક વર્ષમાં ૧૩ હજાર લોકોને ફૂતરાં કરડ્યા.**
- ♥ **ગુજરાતમાં દર કલાકે અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થાય છે.**
- ♥ **ડાકોરમાં રણછોડરાયે પૂનમના દિવસે સવા લાખનો મુગટ ધારણ કર્યો.**
- ♥ **ચારે તરફ વિકાસની વાતો પણ રસ્તાઓમાં ખાડા હજુ પર યથાવત.**
- ♥ **બ્રાહ્મણ સમાજની ૮૪ જ્ઞાતિઓને એક કરવાની પરશુરામ દળની નેમ.**
- ♥ **સૌરાષ્ટ્રમાં ઝીંઝરા (લીલા ચણા)નું આગમન ૧૫૦ રૂપિયે કિલો.**
- ♥ **પ્રેમ ક્યારેય મરતો નથી, ક્યારેક મુર્છિત બને છે : પૂ. મોરારિ બાપુ**